## હિંમતનગર શહેરમાં ભાજપ દ્વારા કટોકટી દિવસ નિમિત્તે ધરણાનો કાર્યક્રમ રખાયો



તારીખ ૨૫ જૂન ૧૯૭૫ના રોજ દેશમાં કટોકટી લાદીને કોંગ્રેસ શાસન દ્વારા લોકશાહી ખતમ કરવાનો કાર્ય કર્યું હતું જેમાં માનવ અધિકારોનું હનન દેશ વાસીઓ પર અત્યાચાર અને મીડિયા પર સેન્સરશીપ લાદવા જેવા વિવિધ અત્યાચારો કરીને કોંગ્રેસ પાર્ટી એ દેશની લોકશાહીનું અપમાન કર્યું. એ નિમિત્તે આજરોજ શહેરનાં ટાવર ચોક પાસે ભાજપ દ્વારા ધરણાનો કાર્યક્રમ રખાયો હતો જેમાં જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલ, ગોપાલસિંહ રાઠોડ, જિલ્લા ઉપપ્રમુખ જયેશભાઈ પટેલ, શહેર પ્રમુખ વાસુદેવભાઈ રાવલ, પ્રભારી મુકેશભાઈ સોલંકી, મહિલા મોરચાના પ્રમુખ નીલાબેન પટેલ, શહેર મહામંત્રી જયેશ પટેલ, શૈલેષ ધુવાડ, સાવન ભાઈ દેસાઈ, વિમલ ઉપાધ્યાય, કિરીટભાઈ મુંદડા, કનુભાઈ રાવલ, નિર્મળાબેન પંચાલ, વસંતભાઈ પંચાલ, રાજુ ભાઈ દેસાઈ, શિરીષ ભાઈ મિસ્ત્રી, કલ્પેશ સાંખલા, પ્રિતેશ ગજ્જર, રાકેશભાઈ પટેલ વગેરે કાર્યકરો હાજર રહ્યા હતા.

## મોડાસામાં ભગવાન જગન્નાથજીની રથયાત્રાને લઈને પોલિસ માર્ચ યોજાઈ, ટાઉન પોલિસની ટીમ જોડાઈ



આગામી અષાઢી બીજના રોજ અરવલ્લી જિલ્લામાં યોજાનારી ભગવાન જગન્નાથજીની રથયાત્રાને લઈને પોલિસ માર્ચ યોજવામાં આવી હતી. મોડાસા શહેરમાં આગામી અષાઢી બીજના રોજ યોજાનારી ૪૦ મી રથયાત્રાને લઈને મંદિર સમિતિ દ્વારા તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે ત્યારે ભગવાન જગન્નાથજીની રથયાત્રાને લઈને પોલિસ તંત્ર પણ ખડેપગે રહેશે, આ માટે પોલિસ બંદોબસ્ત સહિતની કામગીરી પણ રથયાત્રા સમયે હાથ ધરવામાં આવનાર છે, આ પહેલા પોલિસ તંત્ર દ્વારા રથયાત્રા રૂટ પર પોલિસ માર્ચ યોજવામાં આવી હતી. મોડાસા ટાઉન પોલીસ અધિકારી કર્મચારીઓ અને સરકારી વાહન સાથે લિયો બસ સ્ટેન્ડ ચોકીથી આગામી રથયાત્રાને લઈને રથયાત્રાના સેન્સિટિવ રૂટ પર પોલિસ માર્ચ યોજવામાં આવી હતી. આ પોલિસ માર્ચ જુના બસ સ્ટેન્ડ થી રાધાબેનના દવાખાના રોડ, ખડાયતા પોલીસ ચોકી, કડિયાવાડ, ભાવસારવાડા થી જુનુ પોલીસ સ્ટેશન ચાર રસ્તા ચોકી સુધી વિગેરે વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ નું આયોજન કરવામાં આવેલ હતું, આ ફૂટ પેટ્રોલિંગમાં પોલિસ ઈન્સ્પેક્ટર સહિતના પોલિસ કર્મચારીઓ જોડાયા હતા.

## ધાનેરાની મોડેલ સ્કૂલ ખાતે શિક્ષણમંત્રી કિર્તીસિંહ વાઘેલાની અધ્યક્ષતામાં ગર્લ્સ હોસ્ટેલનું લોકાર્પણ...



ધાનેરા કોર્ટના પાછળના ભાગમાં એક વિશાળ મોડેલ સ્કૂલ બનાવવામાં આવી છે. સ્કૂલ ની સાથે સાથે સ્કૂલમાં હોસ્ટેલ પણ બનાવવામાં આવી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, આ ગર્લ્સ હોસ્ટેલ નું રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી કિર્તીસિંહ વાઘેલા ની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું છે . ગર્લ્સ હોસ્ટેલ નું લોકાર્પણ થતા ૨૦૦ જેટલી ગર્લ્સની કેપેસિટી ધરાવતી બે હોસ્ટેલો ગર્લ્સ માટે આશીર્વાદરૂપ સાબિત થશે.જે બાળકો ગ્રામીણ વિસ્તારમાંથી આવે છે અને ધાનેરામાં રહી અભ્યાસ કરી શકે તેવા હેતુ સાથે ગર્લ્સ હોસ્ટેલ નું આયોજન કરવામાં આવ્યું હતું . ત્યારે આજે શિક્ષણ મંત્રી સહિત ધાનેરાના રાજકીય આગેવાનો ધારાસભ્ય સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા .અને ગર્લ્સ હોસ્ટેલ બાળકો માટે ખુલ્લી મૂકી છે આ કાર્યક્રમમાં શિક્ષણ મંત્રીશ્રી કિર્તીસિંહ વાઘેલા સહિત અન્ય રાજકીય અગ્રણીઓ શાળાના બાળકો શિક્ષકો તેમજ વાલીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## ડીસાના ઉગમણા રાણપુર ખાતે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી



બનાસકાંઠા જિલ્લામાં પણ શિક્ષણનું સ્તર વધારવા માટે શાળા પ્રવેશોત્સવ તેમજ કન્યા કેળવણી મહોત્સવના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે ત્યારે ડીસા તાલુકાના ઉગમણા રાણપુર વાસ ખાતે આવેલ પગાર કેન્દ્ર શાળા ખાતે આજે ડીસા ગ્રામીણ મામલતદાર બી.એસ. તરાલની અધ્યક્ષાતામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાયો હતો. જેમા નાના બાળકોને મામલતદારના હસ્તે શૈક્ષણિક કીટ આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ વિદ્યાર્થીઓ શિક્ષણમાં આગળ વધે તેવી શુભેચ્છાઓ પણ પાઠવવામાં આવી હતી. તેમજ શાળામાં અભ્યાસ કરતા તેજસ્વી તારલાઓનુ પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં? જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ સંજયભાઈ દવે તેમજ શાળાનો સ્ટાફ, વાલીઓ તેમજ બાળકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# બાયડની વલ્લભનગર પ્રા.શાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાયો

### ધો.૧ માં ૨૯ બાળકોના પ્રવેશથી શૈક્ષણિક સંકુલમાં ખુશાલી છવાઈ





બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૬

બાયડની વલ્લભનગર પ્રા.શાળાનો કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ શનિવારે યોજાઈ ગયો જેમાં ધો.૧માં ૨૯ બાળકોને કુમ કુમ તિલક કરી, મોં મીઠું કરાવી દફતર ભેટમાં આપી શાળા પ્રવેશોત્સવ કરવામાં આવ્યો ત્યારે શૈક્ષણિક સંકુલમાં ખુશાલી છવાઈ હતી. બાયડ નગરપાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, કોર્પોરેટર કંચનબેન પટેલ, સાહેલી ગૃપ બાયડના ઉપપ્રમુખ નેહાબેન ગોહિલ, જાયન્ટ્સ ગૃપ બાયડના મંત્રી શૈલેષ ભાટીયા, સહિત અનેક આમંત્રિતો અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્યમાં ગત તા.૨૩ જૂનથી ૧૭મો શાળા પ્રવેશોત્સવ શરૂ થયો છે. શનિવારે શાળા પ્રવેશોત્સવના અંતિમ દિવસે બાયડની વલ્લભનગર પ્રા.શાળામાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ આંબલિયારા બીટ નિરીક્ષક પંકજભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. શાળાના મુખ્ય શિક્ષક નીતાબેન ઉપાધ્યાયે સર્વ આમંત્રિતોને આવકાર્યા હતા. ત્યારબાદ દિપ પ્રાગટ્ય પછી શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ શરૂ થયો. શાળાના બાળકોએ પ્રાર્થના, મનુષ્ય ગૌરવ ગાન, સ્વાગત ગીત રજૂ કરી સૌ આમંત્રિતોને મંત્રમુગ્ધ કર્યા હતા. શાળા પરિવાર દ્વારા તમામ આમંત્રિત મહેમાનોને પુસ્તક અને બુકે આપી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આંગણવાડી અને ધો.૧ માં પ્રવેશ મેળવતા બાળકોને મોં મીઠું કરાવી શાળા પ્રવેશોત્સવ કરવામાં આવ્યો ત્યારે બાળકો તેમજ તેમના વાલીઓમાં અપાર ખુશાલી જોવા મળી હતી. સરકારી શાળાઓથી હવે સુખી સમૃદ્ધ લોકો દૂર ભાગી સ્વનિર્ભર શાળાઓમાં પોતાના સંતાનને ભણાવે છે ત્યારે બાયડ તાલુકા પંચાયતના નિવૃત્ત સર્કલ ઓફીસર ભરતભાઈ વ્યાસે તેમની દિકરીને વલ્લભનગર પ્રા.શાળામાં ધો.૧માં પ્રવેશ મેળવ્યો હતો. શાળાએ બાયડનગરને ખ્યાતનામ ડૉક્ટર, ઈજનેર, અધિકારી અને શિક્ષકોની ભેટ આપી છે તેની પણ આ પ્રસંગે નોંધ લેવામાં આવી હતી. બાયડ પાલિકા કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલે બાયડનગરની તમામ સરકારી શાળાઓમાં ધો.૧માં સૌથી વધુ બાળકો વલ્લભનગર પ્રા.શાળામાં પ્રવેશ મેળવ્યો છે તે બાબતની નોંધ લઈ શાળાના તમામ શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા. બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલે ઉપસ્થિત વાલીઓને તેમના સંતાનોને વધુ ને વધુ શિક્ષણ આપવા અનુરોધ કરવાની સાથે વલ્લભનગર પ્રા.શાળાની શૈક્ષણિક કામગીરીની પ્રસંશા કરી હતી. લાયન્સ કલબ-બાયડના પૂર્વ પ્રમુખ અતુલભાઈ જોષીએ વલ્લભનગર પ્રા.શાળાના પૂર્વ અને વર્તમાન શિક્ષણની મુક્તકંઠે પ્રસંશા કરી હતી. જ્યારે ધો.૧ થી ૫ માં પ્રથમ નંબરે આવનારા બાળકોનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં બાયડ શહેર ભાજપ સંગઠન ઉપપ્રમુખ મહેશભાઈ ઉપાધ્યાય, દફતરના દાતા પ્રકાશભાઈ ગોહિલ, સાહેલી ગૃપ બાયડના મંત્રી નિમિષાબેન શૈલેષકુમાર ભાટીયા, કાજલ સોની, હિરલ ભાવસાર, સામાજીક કાર્યકર રાજુભાઈ રાઠોડ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શાળાના ઉ.શિક્ષક મનિષાબેન ગાંધીએ કર્યું હતું. જ્યારે કાર્યક્રમની આભારવિધિ શાળાના ઉ.શિક્ષક રેખા પટેલે કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવામાં શાળાના મુખ્ય શિક્ષક નિતાબેન ઉપાધ્યાય, રેખા પટેલ, મનિષાબેન ગાંધી, રૂપલબેન પટેલ અને ઘનશ્યામભાઈ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

# બાયડમાં ભાજપ સંગઠન દ્વારા કટોકટી દિવસનો કાળા દિવસ તરીકે ઉજવી ધરણાં યોજ્યાં

### પૂર્વ વડાપ્રધાન ઈન્દીરા ગાંધીના આપખુદ શાહી વલણ સામે ભાજપના આગેવાનોના ચાબખા





બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૬

તા.૨૫ જૂનના રોજ દેશમાં પૂર્વ વડાપ્રધાન ઈન્દીરા ગાંધીએ કટોકટી જાહેર કરી અનેક પ્રતિબંધો લાદ્યા હતા ત્યારે ભાજપ દ્વારા દર વર્ષે ૨૫ જૂનને કાળા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. શનિવારે બાયડ શહેર તેમજ તાલુકા ભાજપ સંગઠન દ્વારા ધોમધખતા તાપમાં કટોકટી દિવસને કાળા દિવસ તરીકે ઉજવી ૧ કલાકનાં ધરણાં યોજી દેખાવ કર્યા હતા તેમજ પૂર્વ વડાપ્રધાનના આપખુદશાહી વલણ સામે ભાજપના આગેવાનોએ ચાબખા માર્યા હતા.

પ્રાપ્ત જાણકારી અનુસાર ૨૫ જૂન-૧૯૭૫ના રોજ ઈન્દીરા ગાંધીએ સમગ્ર દેશમાં કટોકટી લાદી હતી અને દેશમાં સ્વતંત્ર્ય મીડીયા ઉપર સેન્સરશીપ લાગવાની સાથે કોંગ્રેસ દ્વારા બંધારણ અને લોકતંત્રની હત્યા કરાયાના આરોપ લગાડવામાં આવ્યા હતા. જનસંઘ દ્વારા જે તે સમયે કટોકટીના દિવસોમાંથી ભારતને બહાર કાઢવા માટે અનેક કાર્યકરોએ પોતાના જીવ જોખમમાં મૂકી દીધા હતા. દેશના વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ કટોકટી સમય દરમ્યાન વેશપલ્ટો કરી પ્રજામાં જાગૃતતા લાવવાનો પ્રયાસ કર્યો હતો. કટોકટી સમયે દેશને ઉગારવા ગુજરાતે સૌ પ્રથમ આગેવાની લીધી હતી. ત્યારે પ્રદેશ સ્તરથી મળેલી સૂચના અનુસાર બાયડમાં ભાજપ સંગઠન દ્વારા કટોકટી દિવસને કાળા દિવસ તરીકે ઉજવવામાં આવ્યો હતો. મહિલા અગ્રણી ચંદ્રીકાબેન એ. પટેલ અને ભાજપના સક્રીય આગેવાન એડવોકેટ અદેસિંહ માનસિંહ ચૌહાણે ઈન્દીરા ગાંધીએ દેશમાં કટોકટી લાદી તે સમયે સમગ્ર દેશમાં ઈમરજન્સી જેવી સ્થિતિ આવી પડી હતી અને આ દિવસને લોકશાહીનો કાળો દિવસ ગણવામાં આવ્યો છે તેમ જણાવી કોંગ્રેસની કાર્યરીતી સામે આકરા પ્રહાર કર્યા હતા. ધરણાં સમયે બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ, તાલુકા સંગઠન પ્રમુખ માંનસિંહ સોઢા પરમાર, બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, જિલ્લા ભાજપ સંગઠન મંત્રી ચંદ્રીકાબેન શાહ, રાહુલગીરી ગોસ્વામી, શહેર સંગઠન મહામંત્રી બિપીનભાઈ પ્રજાપતિ, તાલુકા ભાજપ સંગઠન પૂર્વ પ્રમુખ મફતલાલ એમ. પટેલ, બાયડ પાલિકા કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, કોર્પોરેટર અશોકભાઈ એલ. પટેલ, કમલેશભાઈ જી. પટેલ સહિત ભાજપના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ખરેખર આજનું ભાજપ રાજનીતિમાં કોઈપણ રાજકીય પક્ષને પાણી ભરાવી દે...

### થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....?

બાયડ તા.૨૬

આજથી બે દાયકા પહેલાં રાજકીય પાર્ટીઓ ભાજપને બહૂંજ હળવાશથી લેતી હતી... કોંગ્રેસ, સપા, રાજદ, તૃણમૂલ કે પછી દક્ષિણ ભારતની પ્રાદેશિક પાર્ટીઓ હોય તેમણે ભાજપને ક્યારેય ગંભીરતાથી લીધું જ નહોતું.... બાજપેયીજી જેવા ચુસ્ત અને પ્રામાણિકતા વાળા ભાજપના નેતાઓને તો કોંગ્રેસ સહિતના મહારાષ્ટ્રના શરદ પવાર, કાશ્મીરના ફારૂક અબ્દુલ્લા, બંગાળની મમતા, બિહારના લાલૂજી, યુપીના મુલાયમ અને માયાવતીજી તેમજ આંધ્રના ચંદ્રાબાબુ તેમજ તામિલનાડુના કરૂનાનિધિ - જયલલિતા જેવા તમામ નેતાઓ સાવ સસતા સમજતા હતા... અરે, એટલુંજ નહિ કોંગ્રેસ સહિતના આ તમામ પ્રાદેશિક પક્ષ ભાજપના બાજપેયીજી અને અડવાણીજી કરતા જ્યોતિ બાસુ જેવા સામ્યવાદી નેતા વધુ મજબૂત અને તાકાતવર લાગતા હતા... બાજપેયીજીની ભાજપની સરકાર માત્ર ૧ વોટથી તૂટી ગઈ ત્યારે આ તમામ પક્ષ કોંગ્રેસની આગેવાનીમાં દ્રૌપદીના વસ્ત્રાહરણ વખતે થયેલા અટ્ટહાસ્ય પ્રમાણે જ બાજપેયી જેવા નિર્દોષ પ્રામાણિક નેતાની મજાક ઉડાવી રહ્યા હતા... ત્યારે બાજપેયી મક્કમ મને એટલુંજ બોલ્યા હતા.... 'એકદિન આયેગા...જરૂર આયેગા તબ ભાજપકા કમલ પૂરે ભારતમે ખીલગા!!' મેરે કરણ-અર્જુન આયેંગે....એકદિન કરણ-અર્જુન જરૂર આયેંગે.... આ ફિલ્મી ડાયલોગ સાથે મેચ ખાતી ટ્રેઝડી આજે હકીકત બની ગઈ... બાજપેયી અને અડવાણીના ખેતરની નિલામી થતી રોકવા માટે માત્ર કરણ-અર્જુન નહિ આખી ફોજ આવી ગઈ.... મોદીજી, યોગીજી, અમિતજી, ગડકરીજી, રાજનાથજી નામના પાંડવો આવીને ભાજપના ખેતરને ખાંડવપ્રસ્થ માંથી ઈન્દ્રપ્રસ્થ બનાવવા લાગી ગયા.... મોદીજી કરતા આ યુપીએની ટોળકીમાં કદાચ શરદ પવાર જેવા ખંધા રાજકીય પંડિતો વધુ હશે પણ મોદીજી દરેકને સતત હંફાવતા જાય છે.... મોદીજી અને વિપક્ષના રાજકીય નેતાઓ વચ્ચે ફરક માત્ર રાષ્ટ્રવાદ નામના શબ્દનો જ છે... કોઈ કહે મોદીજી જોડે અમિતજી જેવા ચાણક્ય છે તો શું વિપક્ષ જોડે શરદ પવાર જેવા ચાણક્ય નથી??? છતાંય વિપક્ષ શુ કામ થાકી જાય છે??? વિપક્ષ રાજનીતિમાં ભાજપથી જરાય ઓછો નથી પણ રાષ્ટ્રવાદમાં વિપક્ષ ગોથા ખાઈ ગયો.... હિન્દુસ્તાનમાં હિન્દૂઅને હિન્દુત્વની મજાક ઉડાડવી, અખંડ ભારતના ધ્વજ ભગવાને ભૂલી જવો અને તિરંગાને પણ નજરઅંદાઝ કરતા રહેવું... 'વંદે માતરમ' નું ગાન કરવામાં શરમ કરવી વગેરે વગેરે રાષ્ટ્રની માનવાચક સંજ્ઞાને હાંસિયામાં મૂકી દેવી એ તમામ બાબતોને લીધે વિપક્ષ મોદીજી અને ભાજપને હાથે હારી ગયું.... ભાજપની છેલ્લા ૨૦ વર્ષમાં આ મોટી જીત છે... બાજપેયીજી અને અડવાણીજીના સમયનું અધૂરું કામ પૂરું નહોતા કરી શક્યા તે કામ તેમના ચેલાએ દમદાર રીતે પૂરું કર્યું અને પૂરું કરી રહ્યા છે!! મહારાષ્ટ્રની હાલની પરિસ્થિતિને પણ ભાજપની જીત જ કહેવાય.... બિહારના ઉછળકૂદ કરતા નિતીશકુમારને પણ શાંત કરવા તેમજ શ્રીમતી દ્રૌપદી મુર્મૂને રાષ્ટ્રપતિના ઉમેદવાર ઘોષિત કરવા અને યુપીએ ગઠબંધનની બોલતી બંધ કરી દેવી એ ભાજપની રાજકીય ચાલ છે જ પણ સાથે સાથે દરેક મુદ્દે ભાજપ પોતાને રાષ્ટ્રવાદી સાબિત કરવામાં સફળ થઈ રહ્યુ છે તેવું ચોક્કસ કહી શકાય.... વર્તમાન ભાજપને હરાવવું તો અઘરું છે પણ હંફાવવું પણ કઠિન છે.... કારણ સિર્ફ એટલુંજ કે ભાજપના DNA માં રાષ્ટ્રવાદ છે!!!

## અરવલ્લી : માલપુર હાઈવે પર ફરેડી નજીક કાર ચાલકે બાઈકને અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત, ૩ ના મોત

મોડાસા, તા. ૨૬





શામળાજી-મોડાસા-ગોધરા સ્ટેટ હાઈવે પર અકસ્માતની ઘટનાઓ ઘટતી હોય છે, ત્યારે વધુ એક ઘમખ્વાર અકસ્માત સર્જાતા ૩ લોકોના મોત નિપજ્યા છે. અકસ્માતની ઘટના મોડાસાના ફરેડી નજીક બન્યો છે જ્યારે બાઈક ચાલકને કાર ચાલકે બાઈક ચાલકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. પ્રાપ્ત માહિતી મુજબ મોડાસા – માલપુર સ્ટેટ હાઈવે પર બપોરના અરસામાં કાર અને બાઈક વચ્ચે ઘમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં ૩ લોકોના મોત નિપજ્યા હોવાની વિગતો મળી છે, ત્યારે ૧ વ્યક્તિ ઈજાગ્રસ્ત થયો છે. ઘટના બાદ કાર ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. અકસ્માતને પગલે લોકોના ટોળે-ટોળા ઉમટી પડ્યા હતા. અકસ્માતની જાણ થતાં એમ્બ્યુલન્સની ટીમ સહિત પોલિસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. મૃતકોના નામ : રજનીકભાઈ બી.બામણીયા, ૪૫ વર્ષ, ગામ ટીસ્કી, ભવાનભાઈ જેઠાભાઈ બામણીયા, ૪૫ વર્ષ, ગામ ફરેડી, રેવાભાઈ કોહ્યાભાઈ ખાંટ, ૫૦ વર્ષ, ગામ, વાવડી.

## અરવલ્લીના ધનસુરા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ફ્રી સ્ત્રી રોગ નિદાન કેમ્પ યોજાયો



ધનસુરા, તા. ૨૬

અરવલ્લી ના ધનસુરા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ફ્રી સ્ત્રી રોગ નિદાન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ નું આયોજન ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી, નિવૃત્ત કર્મચારી મંડળ, સિનિયર સિટીજન ટ્રસ્ટ ધનસુરા અને શીફા પ્રસુતિગૃહ મોડાસા ના સંયુક્ત ઉપક્રમે કરાયું હતું.જેમાં પ્રસૂતિ ચેકઅપ તથા પ્રસૂતિ ને લગતી તકલીફ માટે નિદાન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ માં ધનસુરા તાલુકામાંથી મોટી સંખ્યા માં સ્ત્રીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમ માં મોડાસા ના ડૉ.એમ.એમ.લાલા અને ડો.મદની લાલા એ ઉપસ્થિત રહી સેવા આપી હતી.જેમાં મફત નિદાન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ માં ધનસુરા ના સરપંચ હેમલત્તાબેન પટેલ,ધનસુરા સીનીયર સીટીઝન ટ્રસ્ટ ના પ્રમુખ ગોવિંદભાઈ પટેલ, ઉપપ્રમુખ બાબુભાઈ મંત્રી ગોવિંદભાઈ પટેલ, મંત્રી નવીનભાઈ, રેડક્રોસ સોસાયટીના પ્રમુખ મનસુખભાઈ ભગત, ઉપપ્રમુખ ગોવિંદભાઈ પટેલ તથા ભરતભાઈ ઠુમ્મર, ભરતભાઈ પટેલ સહિત ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી અને નિવૃત્ત કર્મચારી મંડળ, અને સિનિયર સિટીઝન ટ્રસ્ટ ના હોદ્દેદારો અને અગ્રણી ઓ અને મોડાસા શીફા પ્રસુતિગૃહ નો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. કાર્યક્રમ માં મોટી સંખ્યામાં સ્ત્રીઓએ ભાગ લીધો હતો.

### વરસાદ સાથે મીની વાવાઝોડું ત્રાટક્યું

# સાબરકાંઠાના છાદરડા, આકોદરામાં મકાનોના છાપરાં ઉડ્યાં, વૃક્ષો-વિજપોલ ધરાશાયી

### પતરાં ઉડવાથી પશુઓ લોહીલુહાણ, ૧ પશુનું મોત : કલેક્ટર દ્વારા સ્થાનિક તંત્ર પાસે નુકસાનીનો અહેવાલ મંગાવાયો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૬

સાબરકાંઠા જિલ્લામાં મોતની ઘટના સામે આવી છે. જિલ્લામાં વાવાઝોડા સાથે વરસાદ ત્રાટક્યા બાદ જિલ્લા કલેક્ટર દ્વારા ફફડી ઉઠી હતી. ભારે પવન સાથે વરસાદની સ્થિતિમાં પ્રાંતિજ તાલુકાના છાદરડા અને તાબડતોબ દોડાવવામાં આવી હતી. જ્યારે છાદરડા ગામે સૌથી વધુ વાવાઝોડાની અસર જોવા







ગુરુવારે બપોર પછી વરસાદ સાથે વાવાઝોડાની અનેક વિસ્તારોમાં અસર જોવા મળી. પ્રાંતિજ તાલુકાના છાદરડા અને આકોદરામાં મીની વાવાઝોડું ફૂંકાતાં અનેક મકાનોના છાપરાં અને પતરાં હવામાં ફંગોળાતાં ભયનો માહોલ ઉભો થયો હતો. વાવાઝોડાની તિવ્રતાના કારણે વૃક્ષ તેમજ વિજપોલ ધરાશાયી થયા હતા. ખાસ કરીને છાદરડામાં વાવાઝોડાથી લોખંડનાં પતરાં હવામાં ફંગોળાઈ પશુઓ ઉપર પડતાં ૫ થી પણ વધુ પશુઓ લોહ લુહાણ થયાં છે. જ્યારે એક પશુના

ઉપરોક્ત બંને ગામોમાં નુકસાનનો પ્રાથમિક અહેવાલ મંગાવવામાં આવ્યો છે.

ચોમાસાના આરંભ સાથે વાવાઝોડાની દહેશત વધી છે. તંત્ર સંભવિત અતિવૃષ્ટી સામે લડવા માટે સજ્જ બન્યું છે પરંતુ વાવાઝોડા સામે તંત્રને તૈયારીઓ વામણી પૂરવાર થઈ. તા.૨૩ના રોજ સાબરકાંઠાના અનેક વિસ્તારોમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાયા પછી વરસાદ વરસ્યો ખરો પરંતુ કેટલાક વિસ્તારોમાં વાવાઝોડું ફૂંકાતાં પ્રજા

હિંમતનગર તાલુકાના આકોદર ગામને વાવાઝોડાએ બાનમાં લેતાં અનેક મકાનોના છાપરાં તેમજ પતરાં કાગળની જેમ હવામાં ઉડવા લાગ્યાં હતાં. જ્યારે વૃક્ષો તેમજ વિજ થાંભલા પણ જમીન દોસ્ત થઈ ગયા હતા. વિજપોલ ધરાશાયી થવાના કારણે વિજ પુરવઠો ખોરવાઈ જતાં પ્રજાને કલાકો સુધી અંધારે અટવાવાનો વારો આવ્યો હતો જો કે ઉત્તર ગુજરાત વિજ કંપનીની ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાં

મળી જેમ પતરાં ઉડવાથી ૫ થી પણ વધુ પશુઓ ઘાયલ થયાં જેમાં એક પશુનું મોત નિપજ્યાના અહેવાલ છે. કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં વાવાઝોડું ફૂંકાયું હોવાન અહેવાલ જાણવા મળતાં જિલ્લા ડીઝાસ્ટર વિભાગ દ્વારા બીજા દિવસે નુકસાનીના તાગ મેળવવા માટે પ્રયાસ શરુ કરવામાં આવ્યા છે. જ્યારે જિલ્લા કલેક્ટર દ્વારા પણ બંને તાલુકાના વહીવટી તંત્રને વાવાઝોડાથી થયેલ નુકસાનીનો પ્રાથમિક અહેવાલ તૈયાર કરી રજૂ કરવા માટે સૂચના આપવામાં આવી છે.